| જિલ્લા પંચાયત કચેરી, બનાસકાંઠા | |
|---|---|
| કાયદા સલાહકારની કરાર આધારિત જગ્યાની ભરતી | |
| જિલ્લા પંચાયત કચેરી, બનાસકાંઠા ખાતે કાયદા સલાહકારની ૦૨ જગ્યા પ્રારંભિક ૧૧ માસ માટે કરાર આધારિત ધોરણે ભરવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતે નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે. | |
| જગ્યાનું નામ | કાયદા સલાહકાર |
| કુલ જગ્યા | ૦૨ |
| વયમર્યાદા | ૫૦ વર્ષ મહત્તમ |
| પગાર અને ભથ્થાં | રૂ.૬૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ ફિકસ |
| શૈક્ષણિક લાયકાત | (૧) ઓછામાં ઓછી ભારતની માન્ય યુનિવર્સિટીમાં કાયદાના સ્નાતકની ડીગ્રી અને કાયદાની પ્રેકટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઇએ.<br>(૨) CCC+ level નું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. |
| અનુભવ | (1) have about five years experience as a practicing Advocate of Attorney of Government Pleader in the Subordinate Court of High Court: or<br>(2) have about five years experience as a practicing Advocate of Attorney of Government Pleader in the High Court: or<br>(3) have about five years experience of legal matters in local bodies or Government undertaking Board/Corporation or Limited Company established by law.<br>Provided that such period of practice in concerned Court as an Advocate shall be certified by the Registrar General of High Court in case of candidate practicing in the High Court or by the Principal Judicial Officer in case of candidate practicing in the Court Subordinate to the High Court or Principal District Judge of the concerned district of Principal Judge of the City Civil Court where a candidate is practicing. |

અન્ય વિગતો :

(૧) બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તથા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયામાં નોધણી હોવી ફરજીયાત છે.

(૨) ગુજરાતી અને અગ્રેજી બન્ને ભાષા પરનુ પ્રભુત્વ ઈચ્છનીય છે.

(૩) અરજી પત્રક સાથે "જિલ્લા વિકાસ અધિકારી- બનાસકાંઠા" ના નામનો રૂ.૧૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ મોકલવાનો રહેશે.

(૪) અરજી પત્રકનો નમુનો તથા કરારની અન્ય બાબતો અને ફરજો/કામગીરીની વિગતો જિલ્લા પંચાયતની વેબસાઈટ http://banaskanthadp.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

(૫) કામગીરી સંતોષકારક ન હોવાના કિસ્સામાં કરાર રદ કરવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારી બનાસકાંઠાની રહેશે.

(૬) આવેલ અરજીઓમાંથી પસંદગી પરત્વેના તમામ હક્કો પસંદગી સમિતિને આધિન રહેશે.

(૭) સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૫ સુધીમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત-બનાસકાંઠા પાલનપુરના સરનામે રજી.પો.એડીથી કવર ઉપર "કાયદા સલાહકારની નિમણુંક અરજી" લખી મોકલી આપવાની રહેશે.

સહી/-(એમ.જે.દવે,IAS)
જિલ્લા વિકાસ અધિકારી
બનાસકાંઠા,પાલનપુર

| | અરજી પત્રકનો નમુનો | | | | |
|---|---|---|---|---|---|
| | જિલ્લા પંચાયત બનાસકાંઠા ખાતે કાયદા સલાહકારની કરાર આધારિત જગ્યા માટે | | | | |
| | પ્રતિ ,<br>જિલ્લા વિકાસ અધિકારીશ્રી ,<br>જિલ્લા પંચાયત બનાસકાંઠા | | | | ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો. |
| ક્રમ | કરાર આધારિત જગ્યા માટે અરજદારશ્રીની માંગવાની થતી વિગતો | | કરાર આધારિત જગ્યા માટે અરજદાર દ્વારા ભરવાની થતી વિગતો | | સંલગ્ન પ્રમાણપત્રોની સ્વ.પ્રમાણિત નકલની વિગત. |
| ૧. | અરજદારનું પુરૂ નામ | | | | |
| ૨. | રહેઠાણનું કાયમી સરનામું | | | | |
| ૩. | રહેઠાણનું હાલનું સરનામું | | | | |
| ૪. | વતનનું સરનામું | | | | |
| ૫. | જન્મ તારીખ | | | | |
| ૬. | ઉંમર (૦૧/૧૦/૨૦૨૪ ના રોજ ) | | | | |
| ૭. | શૈક્ષણિક લાયકાતની વિગત | | | | |
| | ક્રમ | પદવી | પાસ કર્યાનું વર્ષ | યુનિવર્સિટીનું નામ | ટકાવારી |
| | ૧ | | | | |
| | ૨ | | | | |
| | ૩ | | | | |
| | ૪ | | | | |
| | ૫ | | | | |
| ૮. | મોબાઈલ નંબર | | | | |
| ૯. | ઈ-મેઈલ એડ્રેસ | | | | |
| ૧૦. | બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોધણીની વિગત | | | | |
| ૧૧. | બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયામાં નોધણીની વિગત | | | | |
| ૧૨. | અનુભવની વિગત | | | | |
| | ૧.પ્રેક્ટીસીગ એડવોકેટ તરીકે ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ હોય તે દર્શાવતું સેલ્ફ ડીકલેરેશન તથા બચાવ કરેલ કેસની સંખ્યા . | | | | |

| | | | |
|---|---|---|---|
| | ૨. તે પૈકી નામ.હાઈકોર્ટ માં પ્રેકટીસ વકીલાતનો અનુભવ હોય તો તે દર્શાવતું સેલ્ફ ડીકલેરેશન તથા બચાવ કરેલ કેસની સંખ્યા. | | |
| | ૩. સરકારી વિભાગો/ વિભાગીય કચેરીઓમાં સરકાર વતી ના.સુપ્રીમ કોર્ટ/હાઈકોર્ટ કેસમાં બચાવની કામગીરીનો ૫ વર્ષનો અનુભવ હોય તો તે દર્શાવતું સેલ્ફ ડીકલેરેશન તથા બચાવ કરેલ કેસની સંખ્યા. | | |
| ૧૩. | CCC+ કક્ષાનું કોમ્પ્યુટરનું જ્ઞાન | | |
| ૧૪. | ડીમાન્ડ ડ્રાફટની વિગત | | |

નોંધ – ઉકત અરજીપત્રકમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરેલ હશે તો અરજી આપોઆપ રદ ગણાશે.

## <u>બાંહેધરી પત્રક</u>

આથી હું ..........................................................................................જાહેર કરું છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપુર્ણપણે સત્ય છે.જો ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો જિલ્લા વિકાસ અધિકારીશ્રી-બનાસકાંઠા નો નિર્ણય મને બંધનકર્તા રહેશે, ફકત અરજી કરવા માત્રથી આ જગ્યા પર મારો કોઇ હકકદાવો રહેશે નહિ. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગુ.રા.ગાંધીનગરના ઠરાવ ક્રમાંક :મકમ/ ૧૦૨૦૨૨/૧૧૬/છ તા.૨૯/૦૬/૨૦૨૨ તથા સુધારા ઠરાવ ક્રમાંક :મકમ/૧૦૨૦૨૨/૧૧૬/છ તા.૨૭/૦૫/૨૦૨૪ અન્વયે તમામ બાબતોથી હું અવગત છું અને તે તમામ વિગતો મને મંજુર અને બંધનકર્તા રહેશે.

સ્થળ :

ઉમેદવારની સહી :.........................

તારીખ :

બિડાણ -

ફરજો/કામગીરી-

1. કાયદાકીય બાબતો અંગે સરકાર પક્ષે સરકાર વતી નામ. કોર્ટમાં બચાવ માટે સીધે સીધી રજુઆત માટે ઉપસ્થિત રહેવાનું થશે નહી. પરંતુ, સરકારના સંબંધિત સરકારી વકીલને કેસની બ્રીફ સાથે કેસની વિગતો થી અવગત કરાવવાના રહેશે તથા ફાળવેલ વિભાગના વડાનાં નિયંત્રણ હેઠળ કામગીરી બજાવવાની રહેશે.
2. કાયદા સલાહકારએ વિભાગ/ કચેરી કક્ષાએ કેસોનાં મોનીટરીંગ, સુપરવીઝન, સંકલન અને કેસની બ્રીફ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે. દર માસે કેટલા કોર્ટ કેસોની નિકાલ થયો. તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરુદ્ધ ચુકાદા આપ્યા તેની કોર્ટ/કેસવારની ચોક્કસ માહિતી વિભાગના સચિવશ્રીને દર સપ્તાહે અચુક રજુ કરવાની રહેશે.
3. ફાળવેલ વિભાગને સંબંધિત લીગલ મેટર્સમાં જરૂરી સલાહ આપી . સરકારી વકીલશ્રીને સહાયરૂપ કેસની વિગતો સાથે બ્રીફ તૈયાર કરી જરૂરી કાયદાકીય સલાહ આપવી.
4. Law officers (Appointment and Condition of Service) and Conduct of Legal Affairs of Government Rules-2009 ની મર્યાદામાં સરકારના કાયદા સલાહકાર (સરકારી વકીલ) ને યોગ્ય સુચના-માહિતી સમયસર પૂરી પાડવાની રહેશે.
5. રીસર્ચ (સંશોધન) ની કામગીરી.
6. Statement of fact અને નોંધ તથા પેરા વાઇસ રીમાર્કસ તૈયાર કરવા, દસ્તાવેજી પુરાવા/પુર્તતા કરી સબંધિત નામ. કોર્ટના સરકારી વકીલશ્રીને પુરા પાડવા.
7. સરકાર વતી સમયસર એફીડેવીટ-ઇન-રીપ્લાય તૈયાર કરી સમયસર(Well in time ) દાખલ કરવા અને તે મુજબ જ્યુડીશીયલ/ક્વોઝી જ્યુડીશીયલ કચેરીઓ/હાઇકોર્ટ, સુપ્રિમ કોર્ટ સમક્ષ સરકારનું હિત/પક્ષ અસરકારક રીતે કોર્ટ સમક્ષ રજુ થાય અને સરકારનું હિત જળવાઇ રહે તે અંગે પુરતી કાળજી લેવાની રહેશે.
8. કાયદા સલાહકાર તરીકે નિમણૂંક પામનારા એડવોકેટશ્રીએ નેશનલ લીટીગેશન પોલીસી અને સ્ટેટ લીટીગેશન પોલીસી અન્વયે રાજ્ય સરકાર વતી કે રાજ્ય સરકાર સામે દાખલ થયા હોય તેવા કેસોના મોનીટરીંગ અને પુરા કરાવવા માટે નીચેની બાબતોને ધ્યાને રાખવાની રહેશે.
   (1) Focusing on core issues involved in the litigation and addressing them squarely.
   (2) Managing and conducting litigation in a cohesive, coordinated and time bound manner.
   (3) Ensuring that correct facts and all relevant document will be placed before the court.
   (4) Pending cases with the government as party to be reviewed on priority basis to enable quick disposal.

(5) Propose monitoring and review mechanism to sensitize government in important cases and avoid delay.

9. વિભાગ અને તેની હેઠળની ખાતાના વડાની કચેરીઓ ના કેસોની સંખ્યા, તેનું વર્ગીકરણ અને કયા સ્ટેજ પર કેસ છે તે અંગેની માહિતી એકઠી કરવાની રહેશે. તેનું Online portal પર મોનીટરીંગ કરવાનું રહેશે..

10. કાયદા સલાહકાર એ વિભાગ અને તેની હેઠળની ખાતાના વડાની કચેરીઓ ના હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ તેમજ અન્ય સબ ઓર્ડીનેટ કોર્ટ્સ. ટ્રીબ્યુનલ્સ કે અન્ય ઓથોરીટી સમક્ષ જે કેસો ચાલતા હોય તેનું અપડેશન દરેક તબક્કે કરવાનું રહેશે અને જે કોઇ હુકમ કે અંતિમ ચુકાદો આવે કે તે ચુકાદાથી જે તે વિભાગના નોડલ ઓફીસર તથા સચિવશ્રીને લેખિતમાં વાકેફ કરવાના રહેશે.

11. કોર્ટમાં દરેક તારીખે વિભાગના સચિવશ્રી જણાવે તો તે કેસમાં હાજરી આપવાની રહેશે.

12. વિભાગના કેસોમાં હુકમ કે વચગાળાના હુકમ સંબંધે સચિવશ્રી તથા નોડલ ઓફીસરને જાણ કરવાની રહેશે.

13. કાયદા સલાહકાર એ વિભાગના કેસો સિવાય મહત્વની બાબતોમાં કે જ્યા કોઇ કાયદાકીય કે હકીકતના આધારે અભિપ્રાય આપવાનો અપેક્ષિત થતો હોય તો તે કાયદા વિભાગના પરામર્શમાં મેળવવાનો થતો હોય તો તે આપવાનો/મેળવી આપવાનો રહેશે.

14. સરકારશ્રીમાં ખાસ વિભાગના કેસો જે સરકારશ્રીની અગત્યની પોલીસીને અસરકર્તા હોય તેનું સતત મોનીટરીંગ કરવાનું રહેશે. અને તેનાથી વિભાગના સચિવશ્રીને અવગત કરવાના રહેશે.

15. આ ઉપરાંત, વિભાગના સચિવશ્રી વખતો વખત કોર્ટ કેસ સંબંધી જે કાર્યવાહી સોંપે તે કરવાની રહેશે.

શૈક્ષણિક લાયકાત :

1. ઓછામાં ઓછી ભારતની માન્ય યુનિવર્સિટીમાં કાયદાના સ્નાતક ની ડીગ્રી અને
2. કાયદાની પ્રેક્ટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઇએ.
3. CCC+ level નું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

મહત્તમ વય મર્યાદા : ૫૦ વર્ષ

અનુભવ :

1. ઓછામાં ઓછો ૫ વર્ષનો પ્રેક્ટીસીંગ એડવોકેટ તરીકેનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.
2. તે પૈકી નામ. હાઇકોર્ટ માં ઓછામાં ઓછો ૫ વર્ષની વકીલાતનો અનુભવ અથવા
3. સરકારી વિભાગો/વિભાગીય કચેરીઓમાં સરકાર વતી નામ. સુપ્રીમ/હાઇકોર્ટ કેસમાં બચાવની કામગીરીનો ૫ વર્ષ નો અનુભવ .

[illegible] : [illegible]

" કાયદા સલાહકાર" ની નિમણૂંક માટે શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

નિમણુક બાબત

1. ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં અને બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં નોંધણી ધરાવતો હોવો જોઇએ.
2. પૂર્ણ સમય માટે માત્ર ૧૧ માસ કરાર આધારિત સેવાઓ લઇ શકાશે. જે જરૂરિયાત પ્રમાણે ૧૧ માસની મુદત માટે વધુ બે ટર્મ સુધી આ સમયગાળો કરારીય સેવાઓની પ્રવર્તમાન જોગવાઇઓને કાયદાકીય બાધ ન આવે તે રીતે વધારી શકાશે.
3. પસંદગી સમિતી કામગીરીની દર ત્રણ માસે સમિક્ષા કરી , આ સેવાઓ અસંતોષકારક જણાય તો એક માસની નોટિસ આપી સેવાઓનો અંત લાવી શકાશે.

મહેનતાણું અને રજા

4. કાયદા સલાહકારને આ જગ્યા પર માસિક રૂ. ૬૦,૦૦૦/- ના એકત્રિત વેતન પર કોઇપણ જાતના ભથ્થા વિ. મળવાપાત્ર થશે નહીં.
5. કરારના સમય દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં તથા વચગાળાની રાહત તથા બીજા લાભો મળવા પાત્ર થશે નહીં.
6. કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવો અન્ય નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.
7. કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો બજાવેલ સમયગાળાની એકત્રીત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઇ નાણાંકીય લાભ, એક્ષ ગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.
8. કાયદા સલાહકારને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના વર્તમાન ધોરણો મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.
9. તેઓને ૧૧ (અગીયાર) પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં.

અન્ય બાબતો

10. કાયદા સલાહકારએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહીં. (સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે.)
11. તમામ કાયદા સલાહકારએ પોતાના Email તથા Mobile no સંબંધિત વિભાગના nodal officer, કાયદા વિભાગની monitoring શાખા તથા વિભાગના સચિવશ્રી, ખાતાના વડાને પુરા પાડવાના રહેશે.
12. કરાર આધારિત કાયદા સલાહકારએ વિભાગ નિયત કરે તે કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.
13. તેઓને ગુજરાત સીવીલ સર્વીસીસ (કન્ડક્ટ) રૂલ્સ – ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે. અને તેનું ભંગ થયેલ કરારનું સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.
14. કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઇ અગત્યની માહિતી સંબંધિત તેમની ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી કાયદા સલાહકાર ખુલ્લી કરશે નહિ, પ્રગટ કરશે નહીં કે જાહેર કરશે નહીં. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની છે.
15. નિમણૂંક પત્ર મળ્યા તારીખથી દિન-૭ માં વિભાગમાં ફરજ હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્યની કુલ-૩૩ જિલ્લા પંચાયતો માટે વર્ષ-૨૦૨૨-૨૩માં કુલ-૩૩ કાયદા સલાહકારની નિમણૂંક કરવાની રૂ.૨૩૭.૬૦/- લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

મહેકમ / મહેસૂલ શાખા
જિ. પં. બ. કાં. પાલનપુર.
તા:
ઈનવર્ડ નં: ટેબલ નં:
સહી:

1 JUL 2022

ગુજરાત સરકાર

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૨૨/૧૧૬/છ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૯/૦૬/૨૦૨૨

વંચાણે લીધા:-

૧. વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના તા.૦૯/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક:- નમક/મ.૧/નવી બાબત/૨૦૨૨.

૨. વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના તા.૨૩/૦૩/૨૦૨૨ના પત્ર ક્રમાંક:- નમક/મ.૧/નવી બાબત/૨૦૨૨.

આમુખ:-

રાજ્યની કુલ-૩૩ જિલ્લા પંચાયત કચેરીઓ તેમજ રાજ્ય સરકાર વિરુધ્ધ લેબરકોર્ટ, નામદાર ગુજરાત હાઇકોર્ટ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ખાટે પડતર કોર્ટ કેસના ભારણની વિગતો ધ્યાને લઈ, પડતર કોર્ટ કેસોનું યોગ્ય મોનિટરીંગ થાય, સ્ટેજ પ્રમાણે જરૂરી એફિડેવિટ કરવામાં આવે, પુરાવા રજુ કરવા, રીજોઈન્ડર કરવા તથા ચુકાદાના અમલીકરણ સંબંધે તથા સરકારી વકીલશ્રીની કચેરી અને જિલ્લા પંચાયત કચેરી સાથે કોર્ટ કેસને લગતી સંકલનની કામગીરી માટે જિલ્લા પંચાયત ખાતે 'કાયદા સલાહકાર' ની નિમણૂંક કરવાની જરૂરીયાત જણાતા જિલ્લા પંચાયત કચેરીઓ ખાતે "કાયદા સલાહકાર"ની નિમણૂંક કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

વિકાસ કમિશ્નરશ્રી ગાંધીનગરની કચેરીના વંચાણે લીધા (૧)ના પત્રથી રાજ્યની ૩૩ જિલ્લા પંચાયત કચેરીઓ માટે કુલ-૩૩ કાયદા સલાહકારની નિમણૂંક કરવાની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ જે નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ હતી. ત્યારબાદ વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના વંચાણે લીધા (૨)ના પત્રથી રાજ્યની ૩૩ જિલ્લા પંચાયત કચેરીઓ માટે કુલ-૩૩ કાયદા સલાહકારની રૂ.૬૦,૦૦૦/-ના માસિક વેતનથી ૧૧ માસના કરાર આધારીત નિમણૂંક કરવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં રૂ.૨૩૭.૬૦/- લાખની નવી બાબતની જોગવાઇ કરવાની દરખાસ્ત કરેલ જે દરખાસ્તને પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

જિલ્લા પંચાયત ખાતે "કાયદા સલાહકાર" ની જગ્યા માટે લાયકાત, પસંદગીનું ધોરણ, ફરજો/કામગરી તથા શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

શૈક્ષણિક લાયકાત :-

1. ઓછામાં ઓછી ભારતની માન્ય યુનિવર્સિટીમાં કાયદાના સ્નાતક ની ડીગ્રી.
2. કાયદાની પ્રેક્ટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઇએ.
3. CCC+ level નું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

મહત્તમ વયમર્યાદા :- ૫૦ વર્ષ

અનુભવ :-

1. ઓછામાં ઓછો ૫ વર્ષનો પ્રેક્ટીસીંગ એડવોકેટ તરીકેનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.
2. તે પૈકી નામ.હાઇકોર્ટ માં ઓછામાં ઓછો 3 વર્ષની વકીલાતનો અનુભવ અથવા.
3. સરકારી વિભાગો/વિભાગીય કચેરીઓમાં સરકાર વતી નામ. સુપ્રીમ/હાઇકોર્ટ કેસમાં બચાવની કામગીરીનો 3 વર્ષ નો અનુભવ.

નિમણુક બાબત

1. કાયદા સલાહકારની ફાળવણી આ સાથે સામેલ પરિશિષ્ઠ-અ માં દર્શાવ્યા મુજબ કરવાની રહેશે.
2. ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં અને બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં નોંધણી ધરાવતો હોવો જોઇએ.
3. પૂર્ણ સમય માટે માત્ર ૧૧ માસ કરાર આધારિત સેવાઓ લઇ શકાશે. જે જરૂરિયાત પ્રમાણે ૧૧ માસની મુદત માટે વધુ બે ટર્મ સુધી આ સમયગાળો કરારીય સેવાઓની પ્રવર્તમાન જોગવાઇઓને કાયદાકીય બાધ ન આવે તે રીતે વધારી શકાશે.
4. પસંદગી સમિતી કામગીરીની દર ત્રણ માસે સમિક્ષા કરી, આ સેવાઓ અસંતોષકારક જણાય તો એક માસની નોટિસ આપી સેવાઓનો અંત લાવી શકાશે.

મહેનતાણું અને રજા

1. કાયદા સલાહકારને આ જગ્યા પર માસિક રૂ. ૬૦,૦૦૦/- ના એકત્રિત વેતન પર કોઇપણ જાતના ભથ્થા કે પગાર પંચના લાભો મળવાપાત્ર થશે નહીં.
2. કરારના સમય દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં તથા વચગાળાની રાહત તથા બીજા લાભો મળવા પાત્ર થશે નહીં.
3. કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવો અન્ય નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.
4. કરારના સમયગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો બજાવેલ સમયગાળાની એકત્રીત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઇ નાણાંકીય લાભ, એક્ષ ગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

5. કાયદા સલાહકારને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના વર્તમાન ધોરણો મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.
6. તેઓને ૧૧ (અગીયાર) પરચુરણ રજા મળવાપાત્ર થશે. તે સિવાય અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં.

<u>અન્ય બાબતો</u>

1. કાયદા સલાહકારએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહીં. (સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે.)
2. તમામ કાયદા સલાહકારએ પોતાના Email તથા Mobile no સંબંધિત જિલ્લા પંચાયતના nodal officer, monitoring શાખાને પુરા પાડવાના રહેશે.
3. કરાર આધારિત કાયદા સલાહકારએ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિયત કરે તે કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.
4. તેઓને ગુજરાત સિવીલ સર્વિસીસ (કન્ડક્ટ) રૂલ્સ – ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે. અને તેનું ભંગ થયેલ કરારનું સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.
5. કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઇ અગત્યની માહિતી સંબંધિત તેમની ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી કાયદા સલાહકાર ખુલ્લી કરશે નહિ, પ્રગટ કરશે નહીં કે જાહેર કરશે નહીં. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની છે.
6. નિમણૂંક પત્ર મળ્યા તારીખથી દિન-૭ માં જે તે જિલ્લા પંચાયત ખાતે ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

<u>ફરજો/કામગીરી</u>

1. કાયદાકીય બાબતો અંગે સરકાર પક્ષે સરકાર વતી નામ. કોર્ટમાં બચાવ માટે સીધે સીધી રજુઆત માટે ઉપસ્થિત રહેવાનું થશે નહી. પરંતુ, સરકારના સંબંધિત સરકારી વકીલ તથા પેનલ વકીલને કેસની બ્રીફ સાથે કેસની વિગતોથી અવગત કરાવવાના રહેશે તથા કાયદાકીય બાબતો અંગે જિલ્લા પંચાયત કચેરીના સંબંધિત પેનલ વકીલશ્રી સાથે તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિયંત્રણ હેઠળ કામગીરી બજાવવાની રહેશે.
2. કાયદા સલાહકારે જિલ્લા પંચાયત કચેરી કક્ષાએ કેસોનાં મોનીટરીંગ, સુપરવીઝન, સંકલન અને કેસની બ્રીફ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે. દર માસે કેટલા કોર્ટ કેસોની નિકાલ થયો, તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરુદ્ધ ચુકાદા આપ્યા તેની કોર્ટ/કેસવારની ચોક્કસ માહિતી સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીને દર સપ્તાહે અચુક રજુ કરવાની રહેશે.
3. ફાળવેલ જિલ્લા પંચાયત કચેરીને સંબંધિત લીગલ મેટર્સમાં જરૂરી સલાહ આપી, સરકારી વકીલશ્રી/પેનલ વકીલશ્રીને સહાયરૂપ કેસની વિગતો સાથે બ્રીફ તૈયાર કરી જરૂરી કાયદાકીય સલાહ આપવી.
4. Law officers (Appointment and Condition of Service) and Conduct of Legal Affairs of Government Rules-2009 ની મર્યાદામાં સરકારના કાયદા સલાહકાર(સરકારી વકીલ)ને યોગ્ય સુચના-માહિતી સમયસર પૂરી પાડવાની રહેશે.

5. રીસર્ચ (સંશોધન) ની કામગીરી કરવાની રહેશે.
6. Statement of fact અને નોંધ તથા પેરા વાઇસ રીમાર્કસ તૈયાર કરવા, દસ્તાવેજી પુરાવા/પુર્તતા કરી સબંધિત નામ.કોર્ટના સરકારી વકીલશ્રી/પેનલ વકીલશ્રીને પુરા પાડવાના રહેશે.
7. સરકાર વતી સમયસર એફીડેવીટ-ઇન-રીપ્લાય તૈયાર કરી સમયસર(Well in time) દાખલ કરવા અને તે મુજબ જ્યુડીશીયલ/ક્વોઝી જ્યુડીશીયલ કચેરીઓ/હાઇકોર્ટ, સુપ્રિમ કોર્ટ સમક્ષ સરકારનું હિત/પક્ષ અસરકારક રીતે કોર્ટ સમક્ષ રજુ થાય અને સરકારનું હિત જળવાઇ રહે તે અંગે પુરતી કાળજી લેવાની રહેશે.
8. કાયદા સલાહકાર તરીકે નિમણૂંક પામનારા એડવોકેટશ્રીએ નેશનલ લીટીગેશન પોલીસી અને સ્ટેટ લીટીગેશન પોલીસી અન્વયે રાજ્ય સરકાર વતી કે રાજ્ય સરકાર સામે દાખલ થયા હોય તેવા કેસોના મોનીટરીંગ અને પુરા કરાવવા માટે નીચેની બાબતોને ધ્યાને રાખવાની રહેશે.
   - Focusing on core issues involved in the litigation and addressing them squarely.
   - Managing and conducting litigation in a cohesive, coordinated and time bound manner.
   - Ensuring that correct facts and all relevant document will be placed before the court.
   - Pending cases with the government as party to be reviewed on priority basis to enable quick disposal.
   - Propose monitoring and review mechanism to sensitize government in important cases and avoid delay.
9. જિલ્લા પંચાયત કચેરીના કેસોની સંખ્યા, તેનું વર્ગીકરણ અને કયા સ્ટેજ પર કેસ છે તે અંગેની માહિતી એકઠી કરવાની રહેશે. તેનું Online portal પર મોનીટરીંગ કરવાનું રહેશે.
10. કાયદા સલાહકારે કોર્ટ મેટરનું https://iilms.gujarat.gov.in/ પોર્ટલ ઉપર સતત મોનિટરીંગ કરીને જિલ્લા પંચાયત કચેરી કક્ષાએ દાખલ થતાં કોર્ટ કેસોની Entry સદરહું પોર્ટલ પર સમયસર થાય તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.
11. કાયદા સલાહકારે જિલ્લા પંચાયત કચેરીના નામ.હાઇકોર્ટ, નામ.સુપ્રીમ કોર્ટ તેમજ અન્ય સબ ઓર્ડીનેટ કોર્ટ, ટ્રીબ્યુનલ્સ કે અન્ય ઓથોરીટી સમક્ષ જે કેસો ચાલતા હોય તેનું અપડેશન દરેક તબક્કે કરવાનું રહેશે અને જે કોઇ હુકમ કે અંતિમ ચુકાદો આવે કે તે ચુકાદાથી જે તે જિલ્લા પંચાયત કચેરીના નોડલ ઓફીસર તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને લેખિતમાં વાકેફ કરવાના રહેશે.
12. કોર્ટમાં દરેક તારીખે જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ નોડલ અધિકારીશ્રી જણાવે તો તે કેસમાં હાજરી આપવાની રહેશે.
13. જિલ્લા પંચાયત કચેરીના કેસોમાં હુકમ કે વચગાળાના હુકમ સંબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ નોડલ અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.
14. કાયદા સલાહકારે જિલ્લા પંચાયત કચેરીના કેસો સિવાય મહત્વની બાબતોમાં કે જ્યા કોઇ કાયદાકીય કે હકીકતના આધારે અભિપ્રાય આપવાનો અપેક્ષિત થતો હોય તો તે કાયદા વિભાગના પરામર્શમાં મેળવવાનો થતો હોય તો તે આપવાનો/મેળવી આપવાનો રહેશે.
15. સરકારશ્રીમાં ખાસ વિભાગના કેસો જે સરકારશ્રીની અગત્યની પોલીસીને અસરકર્તા હોય તેનું સતત મોનીટરીંગ કરવાનું રહેશે. અને તેનાથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અવગત કરવાના રહેશે.
16. આ ઉપરાંત, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વખતો વખત કોર્ટ કેસ સંબંધી જે કાર્યવાહી સોંપે તે કરવાની રહેશે.

17. કાયદા સલાહકાર દર ત્રણ મહીને કેટલા કોર્ટ કેસમાં હાજર રહ્યા, કેટલા કોર્ટ કેસોનો નિકાલ થયો, તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે ચુકાદા આવ્યા, અને કેટલા કેસોમાં સરકાર વિરુધ્ધ ચુકાદા આવ્યા તેની court and case wise ચોક્કસ માહિતી જિલ્લા વિકાસ અધિકારીને અચુક રજુ કરવાની રહેશે.
18. કાયદા સલાહકારની કામગીરી પર સંપૂર્ણપણે જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું નિયંત્રણ રહેશે. કાયદા સલાહકારને કામગીરીની સરળતા ખાતર ચેમ્બર,ટેલિફોન વિગેરે જેવી જરૂરી સગવડો પૂરી પાડવાની રહેશે.

<u>શરતો:-</u>

1. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
4. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૭૦, બજેટ સદર–૨૫૧૫-૦૦-૧૦૨-૦૧ હેઠળ મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની ઇ-સરકાર પરની ફાઇલ ક્રમાંક-PRHRDD/MRT/e-file/14/2022/0006/CHH ઉપર નાણા વિભાગની તા.૦૪.૦૫.૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.ડી.પરમાર)
ઉપ સચિવ(પંચાયત)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી(પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.જિલ્લા પંચાયત કચેરી..............
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ.

Letter No: PRHRDD/0552/05/2024 Dt: 27-05-2024

રાજ્યની કુલ-૩૩ જિલ્લા પંચાયતો માટે કાયદા સલાહકારની નિમણૂક કરવા માટેની જોગવાઈ અંગે સ્પષ્ટતા બહાર પાડવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૨/૧૧૬/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૫/૨૦૨૪

<u>વંચાણે લીધા:</u>

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૯/૦૬/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૨/૧૧૬/છ.

//સુધારા ઠરાવ//

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી રાજ્યની ૩૩ જિલ્લા પંચાયત કચેરીમાં ૩૩ કાયદા સલાહકારની ૧૧ માસના કરાર આધારિત નિમણૂક કરવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ ઠરાવમાં જિલ્લા પંચાયત ખાતે "કાયદા સલાહકાર"ની જગ્યા માટે લાયકાત, પસંદગીનું ધોરણ, ફરજો/કામગીરી તથા શરતો અને બોલીઓ નિયત થયેલ છે, જે પૈકી અનુભવ અંગેની શરતમાં સુધારો કરીને નીચે મુજબ રાખવામાં આવે છે:

<u>અનુભવ</u>

A candidate shall

(1) have about five years experience as a practicing Advocate or Attorney or Government Pleader in the Subordinate Court of High Court; or

(2) have about five years experience as a practicing Advocate or Attorney or Government Pleader in the High Court; or

(3) have about five years experience of legal matters in local bodies or Government undertaking Board/Corporation or Limited Company established by law.

Provided that such period of practice in concerned Court as an Advocate shall be certified by the Registrar General of High Court in case of candidate practicing in the High Court or by the Principal Judicial Officer in case of candidate practicing in the Court Subordinate to the High Court or Principal District Judge of the concerned district of Principal Judge of the City Civil Court where a candidate is practicing.

વંચાણે લીધા (૧) પરના ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
ઉપસચિવ

Signature valid
Signed by: Gopalsingh Yadav
Under Secretary
Date: 2024.05.27 17:13:34 +05:30

File No: PRHRDD/MIS/e-file/14/2023/0846/CHH-PFI
Approved By: Deputy Secretary,CHH,PRHRDD
Open the document in Adobe Acrobat DC to verify the E-sign